એક હાથ, એક આશા અને એક જીવન એટલે..

# માનવતાનો પહેરેદાર – ચેન સી



એક હાથ, એક આશા, એક જીવન....નાનકડી પળોમાં ક્યારેક આખું જીવન બદલાઈ જાય છે. ક્યારેક માત્ર એક અવાજ - એક સ્પર્શ - અથવા એક "હું છું" અને અંધકાર વચ્ચે પ્રકાશનું કિરણ ઝળહળે છે. વાત છે પૂર્વ ચીનના ઐતિહાસિક શહેર નાનજિંગની જે યાંગત્સે નદીના કિનારે વસેલું છે જ્યાં ઇતિહાસના હજારો વર્ષોની ગાથાઓ વહે છે. આ શહેરની વચ્ચે ઊભો છે એક વિશાળ પુલ. ચીનના નાનજિંગ શહેરમાં આવેલો યાંગત્સે નદીનો આ પુલ માત્ર એક ઈજનેરી રીતે અદ્ભુત નથી, પરંતુ એક દુઃખદ ઓળખ પણ ધરાવે છે. વર્ષો સુધી આ પુલ આત્મહત્યાના પ્રયાસો માટે કુખ્યાત રહ્યો છે. અનેક નિરાશ આત્માઓ માટે એક અંતિમ કિનારો બની ગયો છે. પણ...એ જ પુલ પર, ભીડ વચ્ચે, અવાજ વગર એક માણસ ઊભો રહે છે જે છે માનવતાનો પહેરેદાર. તેનું નામ છે ચેન સી. માણસ એક છે અને સંકલ્પ અનોખો છે.

દર શનિવાર-રવિવારે, સવારના સૂર્યોદયથી સાંજના સૂર્યાસ્ત સુધી ચેન સી એ પુલ પર ફરી રહ્યો હોય છે. ક્યારેક પગપાળા. ક્યારેક પોતાના નાના સ્કૂટર પર. તે લોકોના ચહેરા નથી જોતો પણ તે લોકોના દિલ વાંચે છે. કોઈ વ્યક્તિ પુલના કિનારે ઊભો હોય અને પાણી તરફ ખાલી નજરે જોતો હોય છે અથવા તે ધીમા પગલાં સાથે ચાલતો હોય છે ચેન સી સમજી જાય છે કે "આ આત્મા લડી રહ્યો છે." અને...તેનું એક વાક્ય તેનો જીવ બચાવે છે. તે ધીમે ધીમે આગળ વધે છે. બાજુમાં ઊભો રહે છે અને ખૂબ નરમ અવાજમાં પૂછે છે કે "તારી વેદના શું છે તે મને કહીશ? કદાચ હું કઈંક કરી શકીશ." આ એક વાક્ય ઘણા લોકો માટે દરવાજો બની જાય છે. વર્ષોથી બંધ થયેલા દિલનો દરવાજો. કોઈ રડી પડે છે. કોઈ બોલી પડે છે. કોઈ પ્રથમ વખત પોતાના દુઃખને સ્વીકારે છે અને ત્યાંથી શરૂ થાય છે જીવનની તેની પાછી સુખી સફર.

આ પ્રયત્ન પાછળ એક કથા છુપાયેલી છે. ચેન સી હંમેશા આવો નહોતો. ક્યારેક તે પણ તૂટી ગયો હતો. એક સામાન્ય રખડપટ્ટી કરતો તે કામદાર હતો. પરિવારથી દૂર અને જીવનથી નિરાશ. પણ એક દિવસ, એક અજાણ્યા વૃદ્ધે તેને આશા આપી. એ દિવસે, એ વાત, એ સહાનુભૂતિ ચેન સીના હૃદયમાં વાવેલું એક બીજ બની ગઈ અને વર્ષો પછી તે બીજ એક વૃક્ષ બની ગયું જેની છાંયામાં આજે હજારો જીવ બચી રહ્યા છે.

બચાવ માત્ર પુલ પૂરતો નથી- ચેન સી માટે કામ અહીં પૂરતું નથી. તે લોકોને પોતાના ઘરે લઈ જાય છે. તેમને ખાવાનું આપે છે. રહેવા માટે જગ્યા આપે છે. ક્યારેક તેમની ફી ભરે છે. ક્યારેક નોકરી

શોધવામાં મદદ કરે છે. તેના માટે દરેક વ્યક્તિ એક "કેસ" નથી પણ એક "જીવન" છે. તેણે સંઘર્ષ વેઠ્યો હતો છતાં મનમાં સંકલ્પ હતો- તેની આ સફર સરળ નહોતી. કેટલાક લોકોએ તેને ધક્કા માર્યા. કેટલાક ગુસ્સે થયા. કેટલાકે અપમાન કર્યું પણ તે અટક્યો નહીં. કેમ કે તે જાણતો હતો કે "જીવનથી મોટું કંઈ નથી"

સાંજના પુલ પર જ્યારે સૂર્ય ઢળી જાય છે ત્યારે કોઈકની આશા પણ ઢળવા લાગતી હોય છે અને પુલ પર શાંતિ છવાઈ જાય છે. ત્યારે નિરાશા વધુ ઊંડી બનતી જાય છે પણ એ શાંતિમાં પણ એક પગલાંનો અવાજ સંભળાય છે. ચેન સી હજી પણ ચાલે છે- કોઈને શોધતો -કોઈને બચાવતો - કોઈને જીવન પાછું આપતો. આંકડાઓ નહીં જીવન છે - ૪૦૦-૫૦૦. આ માત્ર સંખ્યાઓ નથી પણ આ છે ૫૦૦ પરિવાર - ૫૦૦ સપના - ૫૦૦ નવી શરૂઆત.

એક સાચો નાયક હંમેશા આકાશમાં ઉડતો નથી. ક્યારેક તે પુલ પર ઊભો રહે છે. જ્યાં બધા પસાર થઈ જાય છે ત્યાં તે થંભે છે. જ્યાં બધા નજર ફેરવે છે ત્યાં તે નજર મિલાવે છે. અંત નહીં એક શરૂઆત - ચેન સી આપણને એક વાત શીખવે છે કે "જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી આશા છે"એક હાથ લંબાવો - એક શબ્દ બોલો - એક દિલ સાંભળો. કેમ કે ક્યારેક એક હાથ - એક આશા - એક જીવન બચાવવા માટે પૂરતા હોય છે. છેને એક અજાયબ માનવી. ચાલો, આજે ચેન સીના જીવનમાં ડોકિયું કરી માનવતાના આ પહેરેગીરને એક જોરદાર સલામથી વધાવીએ.

તમે નાનજિંગ શહેર વિશે જાણો છો? નાનજિંગએ પૂર્વ ચીનના એક પ્રાંત અને જિઆંગસુની રાજધાની છે. પ્રાંતના દક્ષિણપશ્ચિમ ખૂણામાં સ્થિત આ શહેરમાં ૧૧ જિલ્લાઓ છે, જેનો વહીવટી વિસ્તાર ૬,૬૦૦ કિમી (૨,૫૦૦ ચોરસ માઇલ) છે અને હાલમાં તેની વસ્તી અંદાજે ૧૦,૦૦૦,૦૦૦ જેટલી છે. યાંગ્ત્સે નદીના ડેલ્ટામાં સ્થિત, નાનજિંગ ચીની ઇતિહાસ અને સંસ્કૃતિમાં અગ્રણી સ્થાન ધરાવે છે, જેણે ૩જી સદીથી ૧૯૪૯ સુધીના વિવિધ ચીની રાજવંશો, રાજ્યો અને પ્રજાસત્તાક સરકારોની રાજધાની તરીકે સેવા આપી છે અને આમ લાંબા સમયથી સંસ્કૃતિ, શિક્ષણ, સંશોધન, રાજકારણ, અર્થતંત્ર, પરિવહન નેટવર્ક અને પર્યટનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે, જે વિશ્વના સૌથી મોટા આંતરિક બંદરોમાંનું એક છે. આ શહેર પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના વહીવટી માળખામાં પંદર પેટા-પ્રાંતીય શહેરોમાંનું એક છે. નાનજિંગ માનવ ઐતિહાસિક લેન્ડસ્કેપ્સ, પર્વતો અને કુઝિમિયાઓ, મિંગ પેલેસ, ચાઓટિયન પેલેસ, પોર્સેલિન ટાવર, ડ્રમ ટાવર, સ્ટોન સિટી, સિટી વોલ, કિન્હુઇ નદી, ઝુઆનવુ તળાવ અને પર્પલ માઉન્ટેન જેવા પાણી માટે પ્રખ્યાત છે.

આ શહેર યાંગત્સે નદીની કિનારે વસેલું છે. યાંગત્સે નદી દુનિયામાં ત્રીજા ક્રમે આવતી લાંબામાં લાંબી નદી છે. ચીની લોકો તેને ચાંગ જિયાંગ કે લાંબી નદીના નામથી ઓળખે છે. સમુદ્રસપાટીથી આશરે ૪,૮૮૦ મીટરની ઊંચાઈએ પશ્ચિમ ચીનમાં આવેલા કિંઘાઈ પ્રાંતના તાંગુલા પર્વતોમાંથી તે નીકળે છે. આ નદી મૂળથી મુખ સુધી વારાફરતી ઈશાન તરફ અને અગ્નિ તરફના એક પછી એક વળાંકો લેતી જઈને પૂર્વ ચીનને કાંઠે શાંગહાઈ નજીક પૂર્વ ચીની સમુદ્રને મળે છે. તેની કુલ લંબાઈ આશરે ૬,૩૦૦ કિમી. જેટલી થાય છે. સહાયક નદીઓ સહિતનો તેનો કુલ સ્રાવ-વિસ્તાર ૧૮,૨૯,૦૦૦ ચો. કિમી. જેટલો થાય છે. જ્યાંથી તે નીકળે છે ત્યાંથી તેના મોટાભાગની લંબાઈના વહનપથમાં તે ઝડપી વેગથી વહે છે. આ કારણે આ નદીએ તેના ઉપરવાસમાં કોતરો બનાવ્યાં છે. આ કોતરો અને શાખાનદીઓએ આ પ્રદેશને સુંદર કુદરતી દૃશ્યોની ભેટ આપી છે. યિઝાંગથી ઉપરવાસનો નદી વિભાગ વિશાળ જળવિદ્યુત-મથકોનું નિર્માણ કરવા માટે દુનિયાભરમાં કદાચ નમૂનેદાર સ્થળનું ઉદાહરણ પૂરું પાડે છે. કોઈ કોઈ જગાએ ૧,૬૦૦ મીટરથી વધુ ઊંચાઈવાળા પર્વતો પણ આ નદીકાંઠે આવેલા છે. એશિયાની સૌથી મોટી અને વિશ્વની ત્રીજી સૌથી લાંબી તેમજ તેની આસપાસ રહેતા પ્રાણીઓ અને છોડની વિવિધતાને કારણે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ યાંગત્સેના વધુ પડતા ઉપયોગ અને પ્રદૂષણમાં વધારો થતાં તે વન્યજીવન પીડાઈ રહ્યું છે.




નાનજિંગમાં ચાંગ જિયાંગ નદી ઉપરથી પસાર થતો ચાર-લેનનો સ્ટીલનો પુલ

નાનજિંગમાં ચાંગ જિયાંગ નદી ઉપરથી પસાર થતો ચાર-લેનનો સ્ટીલનો પુલ છે, જે છે. પુલમાં બે સ્તર છે. ઉપરનું સ્તર કાર, બસ અને ટ્રક માટેનો માર્ગ છે અને પગપાળા લોકો માટે ફૂટપાથ પણ છે. ઉપરના સ્તરની લંબાઈ ૪,૫૮૮ મીટર (૧૫,૦૫૨ ફૂટ) અને ઉંચાઈ ૭૦ મીટર છે. નીચેનું સ્તર ટ્રેનો માટેનો રેલમાર્ગ છે, જેની લંબાઈ ૬,૭૭૨ મીટર (૨૨,૨૧૮ ફૂટ) અને પહોળાઈ ૧૪ મીટર છે. આ પુલ પરંપરાગત ચાઇનીઝ શૈલીમાં ડબલ-કન્વેક્સ કમાન પુલ સાથે બનાવવામાં આવ્યો છે જેમાં ૨૦૦ કાસ્ટ આયર્ન એમ્બોસમેન્ટમાં જડતર છે.

ચીનના નાનજિંગ શહેરમાં આવેલો યાંગત્સે નદીનો આ પુલ માત્ર એક ઈજનેરી રીતે અદ્ભુત નથી, પરંતુ એક દુઃખદ ઓળખ પણ ધરાવે છે. વર્ષો સુધી આ પુલ આત્મહત્યાના પ્રયાસો માટે કુખ્યાત રહ્યો છે. યાંગત્સે નદીનો આ પુલ વિશ્વમાં આત્મહત્યા કરવા માટેનું નંબર ૧ સ્થળ ગણાય છે. આ જ પુલ પર, ભીડ વચ્ચે, અવાજ વગર, એક સામાન્ય માણસ છેલ્લા બે દાયકાથી વધુ સમયથી માનવતાની પહેરેદારી કરે છે. તેમનું નામ છે ચેન સી - જેને આજે દુનિયા "નાનજિંગનો દેવદૂત" તરીકે ઓળખે છે.




નાનજિંગનો આ દેવદૂત ચીનના નાનજિંગ યાંગત્સે નદીના પુલ પર દરરોજ દસ વખત પેટ્રોલિંગ કરે છે. કિનારે ઊભેલા કોઈ નિરાશ વ્યક્તિ નજરે પડે તેવી આશા રાખતો, જોતો, રાહ જોતો ઉભા રહે છે. ચીની ભાષામાં "દરરોજ જીવનને સન્માન આપો" લખાયેલું લાલ સ્વયંસેવક યુનિફોર્મ પહેરીને, તે પેટ્રોલિંગ કરે છે અને આવું તે બે દાયકાથી વધુ સમયથી કરતો આવ્યો છે. પસાર થનાર લોકોની દેહભાષા વાંચે છે અને સંકટની ક્ષણે હસ્તક્ષેપ કરીને તેમને બચાવે છે. પુલ પર બિનહેતુથી ઊભેલા કે અચોક્કસ રીતે ફરતા લોકોને ચેન સી વાતચીતમાં જોડે છે, જેથી તેઓ પૂલ પરથી ઝંપલાવાનો નિર્ણય ન લે. તેણે કિનારે પહોંચેલા લોકોને પાછળ ખેંચી બચાવ્યા છે અને જે લોકો પહેલેથી જ નદીમાં કૂદી ગયા હોય તેમને બચાવવામાં પણ સહાય કરી છે.



આ બધું ડિસેમ્બર ૨૦૦૩માં શરૂ થયું જ્યારે સુકિયાનના એક સામાન્ય વેપારી ચેન સી ે એ ચીનના સૌથી પ્રખ્યાત અને સૌથી દુઃખદ પુલ પર પોતાના વીકએન્ડ વિતાવવાનો નિર્ણય કર્યો. દર શનિવાર અને રવિવારે, સવારે આઠ વાગ્યાથી સૂર્યાસ્ત સુધી, તેઓ માઈલો લાંબી આ રચનામાં પગપાળા અથવા મોટરસાયકલ પર પેટ્રોલિંગ કરે છે. નાની-નાની બાબતો પરથી તેઓ સંકટમાં આવેલા લોકોને ઓળખી લે છે - અચકાતું પગલું, પાણી તરફ સ્થિર નજર, વિચારોના ભારથી ઝૂકી ગયેલી દેહભાષા- તેના માટે આટલું પુરતું છે.

ચેન સી કહે છે કે તે પુલ પરથી કૂદવાનો વિચાર કરતા લોકોને નજીક જઈને વાત કરી શકે છે અને તેમને આ પગલું ભરતા અટકાવી શકે છે, કારણ કે તે તેમની લાગણીઓને સારી રીતે સમજે છે. યાંગત્સે નદીના પુલ પર આવનાર ઘણા લોકો નાનજિંગના સ્થાયી રહેવાસી નથી, પરંતુ ઘરથી દૂર રહેતા સ્થળાંતરિત કામદારો છે. એક સમયે ચેન પણ એમની જેમ જ હતો - જીવનથી નિરાશ, પરિવારથી દૂર રહેનાર એક સ્થળાંતરિત કામદાર. પરંતુ એક દિવસ તેની મુલાકાત એક વૃદ્ધ માણસ સાથે થઈ, જેમણે તેને આશાવાદી સલાહ આપી અને જીવનને સકારાત્મક રીતે જોવામાં મદદ કરી. દુર્ભાગ્યવશ, તેમની મુલાકાત પછી થોડા સમયમાં જ તે વૃદ્ધના પુત્રોમાં વારસાને લઈને ઝઘડો શરૂ થયો. તેનાથી વૃદ્ધ એટલો દુઃખી થયો કે તેણે ખાવાનું છોડી દીધું અને અંતે તેનું અવસાન થયું. આ દુઃખદ ઘટના જ ચેનને મુશ્કેલીમાં મુકાયેલા લોકોની મદદ કરવા અને તેમને સમજાવવા પ્રેરણા બની કે જીવન જીવવા લાયક છે. ચેન હંમેશા માનતો રહ્યો કે જો તે પોતાની યોજના મુજબ વહેલાં તે વૃદ્ધને મળવા ગયો હોત, તો કદાચ તેને પણ જીવનની કિંમત સમજાવી શક્યો હોત. “જીવનથી વધારે મહત્વનું બીજું શું હોઈ શકે?” તે પૂછે છે.



તેથી ૨૦૦૩થી દરેક વીકએન્ડે ચેન સી પોતાના ઘરથી ૨૫ કિલોમીટર દૂર યાંગત્સેના પુલ સુધી જાય છે અને કલાકો સુધી પુલ પર પેટ્રોલિંગ કરે છે-ક્યારેક પગપાળા તો ક્યારેક પોતાના સ્કૂટર પર. તે ખાસ કરીને એકલા ઊભા રહીને નીચેની નદી તરફ નિહાળતા લોકોને ખૂબ ધ્યાનથી જુએ છે. ચેન કહે છે કે આત્મહત્યાનો વિચાર કરતા લોકોને ઓળખવામાં હવે તે નિષ્ણાત બની ગયો છે. “એ ઓળખવું બહુ સહેલું છે,” તે કહે છે. “એ વ્યક્તિ આત્મા વગર ચાલતી હોય એવું લાગે છે.”



ચેનની દખલ કરવાની રીત પરિસ્થિતિ પર આધાર રાખે છે. જેમણે હજી સુધી રેલિંગ પાર કરીને કૂદવાની હિંમત એકઠી કરી નથી, એવા લોકો સાથે તે થેરાપિસ્ટની જેમ નરમાઈથી વાત કરે છે અને તેમનું મન બદલવાની આશા રાખે છે. પરંતુ જો કોઈ વ્યક્તિ પોતાનો નિર્ણય અમલમાં મૂકવા તૈયાર હોય, તો ઝડપી અને દૃઢ પગલાં જરૂરી હોવાથી ચેન ક્યારેક કડક પણ બની જાય છે. ભલે તેને "નાનજિંગનો રક્ષક દેવદૂત" તરીકે ઓળખવામાં આવ્યો હોય અને તેની સ્વૈચ્છિક સેવાને ઊંચી પ્રશંસા મળી હોય, છતાં દરેક વ્યક્તિને તેની દખલ ગમતી નથી. જેમને બચાવવાનો તે પ્રયાસ કરતો હતો, એમમાંથી જ કેટલાક લોકોએ તેને મૌખિક અને શારીરિક રીતે હેરાન પણ કર્યો છે. તેમ છતાં થોડાં નીલા દાગ અને કાપાં તેને વધુમાં વધુ લોકોના પ્રાણ બચાવવાના સંકલ્પથી અટકાવી શક્યા નથી. પરંતુ લોકોને જીવનને બીજી તક આપવા સમજાવવું એ જ તેની મદદ પૂરતી નથી. તે ગયા પછી તેઓ ફરી પુલ પર ન આવી જાય, તે માટે તેણે નાનજિંગમાં એક ફ્લેટ ભાડે લીધો છે, જ્યાં આવા લોકો બે-ચાર દિવસ રહીને મન શાંત કરી શકે અને માનસિક સલાહ મેળવી શકે. આત્મહત્યાના પ્રયાસ પછી પણ તે અઠવાડિયાં સુધી તેમને ફોન કરીને તેમની હાલત ઠીક છે કે નહીં તેની ખાતરી કરે છે. જો તેમને આર્થિક મુશ્કેલીઓ હોય તો તે તેમના દેણદારોને ફોન કરીને તેમના પરનો આર્થિક ભાર ઓછો કરવા માટે સમજાવટ કરે છે. લોકોના પ્રાણ બચાવવા માટે જે કરવું પડે, ચેન તે બધું કરવા તૈયાર છે. જ્યારે આપઘાત કરનાર વ્યક્તિની નજીક તે જાય છે, ત્યારે તે  ન તો આદેશ આપે છે, ન તો દબાણ કરે છે. શાંત સ્વરમાં વાત કરે છે, ધ્યાનથી સાંભળે છે, અને ઘણી વખત એક સાદા પરંતુ શક્તિશાળી વાક્યથી શરૂઆત કરે છેઃ



"તને શેનું દુઃખ છે એ મને કહે.શકય હશે તો તેને દૂર કરાવાનો પ્રયત્ન કરીશ."

ક્યારેક તો એ નરમ અવાજ જ કોઈને નિરાશાની કિનારેથી પાછું ફેરવવા માટે પૂરતો સાબિત થાય છે.



તેઓ કોઈ કેપ કે યુનિફોર્મ પહેરતા નથી. માત્ર એક સાદી ટોપી, કરુણાભર્યું હૃદય, અને સૌથી અગત્યની ક્ષણે હાથ લંબાવવાની હિંમત. બે દાયકાથી વધુ સમયગાળામાં, તેમણે લગભગ ૫૦૦ લોકોને

પોતાનું જીવન સમાપ્ત કરવાથી બચાવ્યા છે. તેમને સાંત્વના આપી, ભોજન આપીને અને આગળ વધવાના કારણ આપીને. જ્યાં અન્ય લોકો ન્યાય કરે છે ત્યાં તેઓ સાંભળે છે. જ્યાં ઘણાં હારી જાય છે ત્યાં તેઓ ટકી રહે છે.



૨૦૦૦માં, ચેન સીએ પુલ પર એક અત્યંત નિરાશ દેખાતી યુવતીને અસ્થિર રીતે ફરતી જોઈ. તે મુશ્કેલીમાં હશે એવી શંકાથી ચેન સી તેના પાસે ગયા અને તેનું મન હળવું થાય તે માટે વાતચીત શરૂ કરી. યુવતી પાસે પૈસા ન હોવાથી તેમણે તેને પાણી, ખોરાક અને ઘરે જવા માટેની ટિકિટ પણ ખરીદી આપી. ચેન સી કહે છે કે એજ પ્રથમ વખત તેમને ખ્યાલ આવ્યો કે કોઈ વ્યક્તિ પુલ પરથી ઝંપલાવીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કરી શકે. "મને એ સમજાયું કે આવા લોકોને બચાવી શકાય છે," તેમણે કહ્યું. ન્યૂ વીકલી મુજબ, સપ્ટેમ્બર ૨૦૦૩ પછીથી ચેન સીએ સેંકડોથી વધુ લોકોને બચાવ્યા છે.



ચેને પેટ્રોલિંગ કરતા કરતા મુશ્કેલીમાં આવેલા લોકોને ઓળખવાની કળા શીખી લીધી છે. કોઈ વ્યક્તિ દુઃખી છે કે નહીં તે તેઓ તેની દેહભાષા પરથી ઓળખી શકે છે. "જે લોકો અંદરથી ભારે સંઘર્ષમાં હોય છે, તેમની દેહચળવળ સ્વાભાવિક અને ઢીલી નથી હોતી; તેમનું શરીર ભારે લાગે છે," ચેન કહે છે. "હું આવા લોકોને એટલું જ કહેવા માગું છું કે જ્યાં સુધી શ્વાસ છે, ત્યાં સુધી જીવન ફરી શરૂ કરવાની આશા છે," તેમણે ન્યૂ વીકલીને જણાવ્યું હતું.

એક વખત તેમણે એક એવી મહિલાને બચાવી, જે તેના પતિએ દગો આપ્યો હોવાથી ઝંપલાવાનો નિર્ણય કરતી હતી. તેમણે તેને કહ્યું: "જો આકાશ તૂટી પડે, તો હું તારો મોટો ભાઈ બનીને તારી સંભાળ રાખીશ." બીજી વખત, તેમણે એક યુવતીને ઝંપલાવાથી રોકી, જેને યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યો હતો પરંતુ ફી ભરવાની ક્ષમતા નહોતી. ચેન સીએ મિત્રો સાથે મળીને ૧૦,૦૦૦ યુઆન (લગભગ US$1,400) થી વધુ રકમ એકત્ર કરી તેને મદદ કરી. "વર્ષો દરમિયાન મને એ સમજાયું છે કે માત્ર પુલ પર કોઈને કિનારેથી પાછું ખેંચી લેવું એ જ તેમની સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ નથી," તેમણે જણાવ્યું હતું.



ચેન સીની શક્તિ તેમના પોતાના અનુભવમાંથી પણ આવે છે. વર્ષો પહેલાં, પોતાના જીવનના એક અંધકારમય સમયગાળામાં, એક અજાણ્યા વ્યક્તિએ તેમને મદદ કરી હતી. એ ઘટના તેમના હૃદય પર એટલી ઊંડી છાપ છોડી ગઈ કે તેમણે પોતાનું જીવન અન્ય લોકો માટે સમર્પિત કરવાનો નિર્ણય લીધો. ત્યારથી તેઓ માત્ર પુલ પર જ નહીં, પરંતુ પછી પણ સહાય આપતા રહે છે. જેમને તેમણે બચાવ્યા છે, તેમને રહેવાની વ્યવસ્થા, રોજગાર અથવા આર્થિક મદદ મેળવવામાં સહયોગ આપે છે અને સતત સંપર્કમાં રહે છે. તેમનો અભિગમ ખૂબ સાદો અને માનવીય છે. તેમના કહેવા મુજબ, ક્યારેક થોડીક હિંમત આપવી જ બધું બદલવા માટે પૂરતું હોય છે અને બચાવેલું દરેક જીવન નિરસતા સામેની એક નાની જીત છે.



ચેન સી કોઈ પોલીસ અધિકારી નથી, કોઈ સરકારી કર્મચારી નથી, કે કોઈ માનસિક આરોગ્ય નિષ્ણાત પણ નથી. તેઓ સુકિયાન શહેરના એક સામાન્ય વેપારી હતા. ૨૦૦૦ના શરૂઆતના વર્ષોમાં પોતાના જીવનના એક અંધકારમય સમયગાળામાં તેમને એક અજાણ્યા માણસે મદદ કરી હતી. આ એક નાની લાગતી ઘટના તેમની આખી જિંદગીની દિશા બદલી નાખશે તેવું તેઓએ ત્યારે વિચાર્યું પણ નહોતું. ડિસેમ્બર ૨૦૦૩માં, ચેન સીએ નિર્ણય કર્યો કે તેઓ પોતાના વીકએન્ડ નાનજિંગ યાંગત્સે નદીના પુલ પર પસાર કરશે. કોઈ જાહેરાત વગર, કોઈ કેમેરા વગર — માત્ર એક સંકલ્પ સાથે - જો શક્ય હોય તો એક જીવન પણ બચાવવું.

લગભગ ૧૯૭ ફૂટ ઊંચાઈ ધરાવતો આ પુલ ચીનની સૌથી લાંબી નદી પર ફેલાયેલો છે. દિવસ દરમિયાન વાહનવ્યવહાર, અવાજ અને ગતિ — પરંતુ સાંજ પડતાં જ, અહીં એક અજીબ શાંતિ ઉતરી આવે છે. આ શાંતિ ઘણી વખત નિરાશામાં ફેરવાય છે. ચેન સી દર શનિવાર અને રવિવારે સવારે આઠ વાગ્યાથી સૂર્યાસ્ત સુધી પુલ પર પેટ્રોલિંગ કરે છે — ક્યારેક પગપાળા, ક્યારેક મોટરસાયકલ પર. તેઓ દિવસમાં લગભગ દસ વખત આખો પુલ ફરી વળે છે. ચેન સી કહે છે કે દુઃખી માણસને ઓળખવા માટે મોટાં સંકેતોની જરૂર નથી. અચકાતું પગલું, પાણી તરફ સ્થિર નજર, ખભા પર વળેલો ભાર — આ નાનાં સંકેતો તેમને બધું કહી જાય છે. "જે લોકો અંદરથી ભારે સંઘર્ષમાં હોય છે, તેમની દેહચળવળ સ્વાભાવિક નથી," તેઓ કહે છે. "તેમનું શરીર જ દુઃખ બોલતું હોય છે."

ચેન સી કોઈને રોકવા માટે આદેશ નથી આપતા. તેઓ શાંતિથી નજીક જાય છે, બાજુમાં ઊભા રહે છે અને એક સાદું વાક્ય કહે છેઃ "તને શું દુઃખ આપી રહ્યું છે, એ મને કહે." ઘણી વાર આ એક વાક્ય જ કોઈને રડાવી દે છે. વર્ષોથી દબાયેલું દુઃખ બહાર આવે છે — નિષ્ફળ લગ્ન, આર્થિક તંગી, પરીક્ષાનો ભાર, એકલતા. આંકડાઓ બદલાય છે, પરંતુ માનવતાનું મૂલ્ય બદલાતું નથી. ૧૩ વર્ષમાં ૩૨૧ જીવ બચાવ્યા. ૨૧ વર્ષમાં ૪૬૯ થી વધુ. કેટલાક અંદાજ મુજબ લગભગ ૫૦૦ લોકો. આ માત્ર આંકડા નથી. આ ૫૦૦ પરિવાર, ૫૦૦ ભવિષ્ય અને ૫૦૦ બીજી તક છે.

ચેન સી માટે બચાવવાનું કાર્ય પુલ પર પૂરું થતું નથી. જેમને તેણે બચાવ્યા છે, તેમના માટે તેઓ રૂમ ભાડે રાખે છે, કામ શોધવામાં મદદ કરે છે, આર્થિક સહાય માટે દાન એકત્ર કરે છે. તેમણે બે બેડરૂમનું એક ફ્લેટ ભાડે રાખ્યું છે, જેનું ભાડું દર મહિને ૧,૦૦૦ યુઆન છે. બે તૃતીયાંશ ખર્ચ દાનથી થાય છે, બાકી તેઓ પોતે આપે છે. ચેન સીની માસિક આવક લગભગ ૪,૦૦૦ યુઆન છે. તેમાંથી અડધી રકમ તેઓ સ્વયંસેવક કાર્યમાં ખર્ચે છે અને બાકી પત્નીને આપે છે. તેઓ કહે છે — "જીવન બચાવવું એ જ મારી સાચી કમાણી છે."

સમય જતા, ચીન અને વિશ્વના મીડિયાની નજર ચેન સી પર પડી. Angel of Nanjing નામની ડોક્યુમેન્ટરી બની, જેને આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં પ્રશંસા મળી. વેઈબો પર એક યુઝરે લખ્યુંઃ "૨૦ વર્ષ પહેલા જોયા હતા — વિચાર્યું નહોતું કે આજે પણ જીવ બચાવતા હશે."




"એન્જલ ઓફ નાનજિંગ" નામની તાજેતરની ડોક્યુમેન્ટરીમાં—જે યાંગત્સે નદી પર આત્મહત્યાઓ અટકાવવા માટેના તેના ૧૩ વર્ષ લાંબા પ્રયત્નોને દર્શાવે છે—ચેન સી સ્વીકારે છે કે તે જેટલા લોકોના પ્રાણ બચાવવા ઈચ્છે છે, એટલા બચાવવામાં તે હંમેશા સફળ રહ્યો નથી. તે કહે છે કે તે કોઈ પાસે પહોંચે એ પહેલાં જ તે લોકોને પુલ પરથી કૂદતા તેણે જોયા છે, અને કેટલાક એવા પણ છે જે પોતાનો અંત લાવે છે ત્યારે તે ત્યાં હાજર નથી હોતો. ઓછામાં ઓછા થોડાક લોકોને તો મદદ મળી રહે એવી આશાથી, તેણે પુલ પર પોતાનો ફોન નંબર મૂક્યો છે, જેથી તેઓ સહાય માટે તેને ફોન કરી શકે.

દુનિયા ભલે તેના જીવન બચાવવાના લાંબા ગાળાના પ્રયાસોને બિરદાવે, પરંતુ એટલા બધા દબાણ વચ્ચે ચેન સી માટે પોતાનું માનસિક સંતુલન અને સકારાત્મક વલણ જાળવવું મુશ્કેલ બન્યું છે. અખબારોમાં પ્રસિદ્ધ થયા પછીથી તેને દેશભરમાંથી સતત ફોન કોલ્સ આવે છે, પરંતુ તે સૌને મદદ કરી શકતો નથી. ઉપરાંત, જે લોકોને તે બચાવવામાં સફળ થાય છે, તેમની ઘણી વખત દુઃખદ અને ક્યારેક કરુણ કથાઓ પણ તેને હલાવી નાખે છે. આ ઉદ્દાત કાર્ય પ્રત્યેની સમર્પિતતાએ તેના લગ્નજીવન પર તણાવ ઊભો કર્યો છે અને ઘણા મિત્રોથી તેને દૂર કરી દીધો છે. ચેન કહે છે કે યાંગત્સે પર પેટ્રોલિંગ શરૂ કર્યા પછીથી તે સતત ધૂમ્રપાન કરતો થયો છે, દારૂ તરફ વળ્યો છે અને પોતે પણ ઘણીવાર ઉદાસીનતાથી સંઘર્ષ કરે છે. છતાં તે પોતાની મિશન છોડશે નહીં કારણ કે તે તેને અત્યંત મહત્વપૂર્ણ લાગે છે.

ચેન સી ૧૯૯૦માં ગરીબ ગામમાંથી નાનજિંગ આવ્યો હતો. તે સમયગાળામાં ચીનની અર્થવ્યવસ્થા હજી પગ જમાવી રહી હતી અને ૮૦ લાખ વસ્તી ધરાવતા શહેરમાં સ્થળાંતરિત તરીકે પોતાની ઓળખ અને આત્મમૂલ્ય ગુમાવવું સહેલું બની જાય છે. નીચેથી શરૂઆત કરીને—પહેલા બાંધકામ મજૂર તરીકે, પછી શાકભાજી વેચનાર તરીકે કામ કર્યું અને ત્યારબાદ પોતાની કરિયાણાની દુકાન શરૂ કરી—ચેન સીએ ધીમે ધીમે પોતાનું જીવન અને આસપાસનો સમુદાય ઊભો કર્યો.

મોટા શહેરમાં રહેતા વખતે તેણે નાનજિંગ યાંગત્સે નદીના પુલ પર આત્મહત્યાના પ્રયાસો વારંવાર જોયા.જે વાત સાચે ઉજવવા જેવી છે, તે છે ચેન સીની સહાનુભૂતિ. બીજા માનવીના દુઃખને સમજવાની ક્ષમતા. ચેન સીના જીવન પર બનેલી ડોક્યુમેન્ટરી અત્યંત હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયક છે. “રાષ્ટ્રની સમૃદ્ધિ માટે દરેકની જવાબદારી હોય છે.” — ચેન સી કહે છે.



જ્યારે એક સમુદાય તરીકે આપણે ઘણીવાર એવા લોકો વચ્ચે ઘેરાયેલા હોઈએ છીએ, જે બોર્ડરૂમમાં ખોટી શાન બતાવે છે અને અપમાન અથવા નિયંત્રણ માટે અશોભનીય વર્તનને ગૌરવ માનતા હોય છે ત્યારે ચેન સી જેવા લોકો પાસેથી દીલને સ્પર્શી જાય તેવા ચેનના કાર્ય જોઈને તેને સલામ કરવા હાથ ઉંચકાય જાય છે. નાયક હંમેશા યુનિફોર્મમાં નથી હોતો. ક્યારેક તે શાંતિથી એક પુલ પર ઊભો રહે છે. જ્યાં બધા પસાર થાય છે, ત્યાં તેઓ થંભે છે. જ્યાં બધા નજર ફેરવે છે, ત્યાં તેઓ નજર મિલાવે છે. “નાનજિંગનો દેવદૂત” તરીકે ઓળખાતા ચેન સીએ વ્યક્તિગત રીતે સેંકડોથી વધુ લોકોના જીવ બચાવ્યા છે અને પોતાના સમુદાયનો માન અને આભાર મેળવ્યો છે. તેની નિસ્વાર્થ સેવા એ માન્યતાથી જન્મે છે કે દરેક જીવન અમૂલ્ય છે અને નિરાશા કદી અવગણવી ન જોઈએ. માનસિક સ્વાસ્થ્ય અંગે હજી પણ કલંક રહેલા દેશમાં, ચેન સીની શાંત કોશીશ આશા અને માનવતાનું શક્તિશાળી પ્રતિક બની છે. ચેન સી આપણને એક જ વાત યાદ અપાવે છેઃ જ્યાં સુધી શ્વાસ છે, ત્યાં સુધી આશા છે.

એક હાથ, એક આશા, એક જીવન
નિરાશાની ધાર પર ઊભેલા શ્વાસને સાંભળે,
શાંતિથી હાથ લંબાવે “હું છું” કહી થંભે.
કોઈ વેશ નહીં, કોઈ શબ્દોનો ભાર નહીં,
એક સ્પર્શમાં માનવતા - અને અંધારું ઓગળી જાય.
નાયકો ઉડતા નથી હંમેશા, એ શીખવે છે તે,
ક્યારેક પુલ પર ઊભા રહી જીવનને પકડી લે.
એક હાથ, એક આશા - એટલું પૂરતું બને,
અને જીવન ફરી કહે - હજી ચાલવાનું છે મને.

https://www.youtube.com/watch?v=uFeHLiXMtJY
https://www.youtube.com/watch?v=QA93svbHgok
https://www.youtube.com/watch?v=QgZnQsYCYX8
https://www.youtube.com/watch?v=WHycGUnsq-Y